## :: સ્થાવર મિલ્કત વેચાણની જાહેર નોટીસ ::

સુરત ડિસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટના વોર્ડ : વરીયાવ ના સીટી સરવે નં. ૪, જેનો શીટ નંબર : ૩ તથા પંચાયત પ્રોપર્ટી નંબર : ૧૩૧૯ જેનું ક્ષેત્રફળ ૪૮.૧૮ ચો.મી. હાલ ખુલ્લા પ્લોટ વાળી મિલ્કત જેના માલિક– કબ્જેદાર–ભોગવટેદાર **સ્વ.દિલીપભાઈ નાનુભાઈ ગોહીલના સીધીલીટીના વારસદાર** તથા વોર્ડ : વરીયાવ ના સીટી સરવે નં. ૫, જેનો શીટ નંબર : ૩ તથા પંચાયત પ્રોપર્ટી નંબર : ૧૩૨૦ જેનું ક્ષેત્રફળ ૮૬.૪૪ ચો.મી. હાલ ખુલ્લા પ્લોટવાળી મિલ્કત તેના માલિક–કબ્જેદાર–ભોગવટેદાર **સ્વ.ભરતભાઈ નાનુભાઈ ગોહીલના** સીધીલીટીના તમામ વારસદારો સંયુક્ત માલિકો તરીકે ચાલી આવેલ છે. મજકુર મિલ્કતોના વારસાઈ હકકે પ્રાપ્ત તમામ માલિકોએ સદર મિલ્કતો પોતાની સંયુકત કબ્જા ભોગવટાની તથા માલિકીની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાને નકકી કરેલ છે. જેથી નકકી મુદતમાં અવેજ ચુકવી મારા અસીલ મજકુર મીલ્કતનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. માટે મજકુર મિલ્કત પર કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી કે પેઢી, રાષ્ટ્રીયકૃત બેંક કે સહકારી બેંકોનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક,હીત, હિસ્સો, લિયન, ચાર્જ, બોજો યા ઈઝમેન્ટનો હકક હોય તો દિન – ૦૭માં દસ્તાવેજી પુરાવાઓ સાથે મને જાણ કરવી અથવા રૂબરૂ મળી જવુ મુદત વિત્યે તેવી જાણ કરવામાં નહી આવે તો મારા અસીલ મજકુર મિલ્કતનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની પાછળથી કોઈની કોઈપણ તર – તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિશાલ એસ. પટેલ** તથા **વૈભવ બી. જોષી**
તે ખરીદનારના એડવોકેટ
ઓફીસ : ૧૦૧, શ્રીનિવાસ એપાર્ટમેન્ટ, ગુરુગોવિંદ નગર સોસાયટી, અમીધારા વાડી રોડ, સુરત. મો. ૯૮૨૫૯૧૦૭૫

---

**ગુજરાત સરકાર**
**નર્મદા, જળસંપત્તિ પા.પુ. અને કલ્પસર વિભાગ**
**નિવિદા નં.૦૬, સને ૨૦૨૫-૨૬**
**ટ્રાયબલ પંચાયત સિંચાઇ પેટા વિભાગ, વ્યારા**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ટ્રાયબલ પંચાયત સિંચાઇ પેટા વિભાગ, વ્યારા દ્વારા કુલ - 3 કામો (અંદાજીત કિંમત રૂ. ૧.૬૫ લાખ) માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓફ લાઇન ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો ૧૦/૦૨/૨૦૨૬ થી ૨૬/૦૨/૨૦૨૬ સુધી ચલણ ડીમાન્ડ ડ્રાફ્ટથી ટેન્ડર ફી ભર્યેથી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ટ્રાયબલ પંચાયત સિંચાઇ પેટા વિભાગ, વ્યારાની કચેરીમાં મળશે.

| | |
|---|---|
| ૧. ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ: ૦૯/૦૩/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી. |
| ૨. ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ | તારીખ: ૧૦/૦૩/૨૦૨૬ ૧૨-૦૦ કલાકે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ટ્રાયબલ પંચાયત સિંચાઇ પેટા વિભાગ, વ્યારા. |

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે.
નાયબ કાર્યપાલક ઇજનેર
ટ્રાયબલ પંચાયત સિંચાઇ પેટા વિભાગ
વ્યારા
ક્રમાંક : માહિતી-સૂરત/૧૪૬૬/૨૦૨૬

---

## સુરત મહાનગરપાલિકા
**જાહેર આરોગ્ય વિભાગ**
**માર્કેટ ખાતુ**

### :: જાહેરાત ::

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને/ સંસ્થાઓને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૪/૨૦૨૩, તા.૧૪/૦૨/૨૦૨૩ મુજબ આગામી તા.૧૫/૦૨/૨૦૨૬ ને રવિવારના રોજ પવિત્ર "મહા શિવરાત્રી" પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ, મીટ માર્કેટો, મચ્છી માર્કેટો બંધ રહેશે. જેની નોંધ આ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ ઈસમોએ/ સંસ્થાઓએ લેવી.

આ જાહેરાતમાં આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઈસમો/ સંસ્થાઓ સામે ધી બી.પી.એમ.સી. અને બોમ્બે પોલીસ એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૬૪૬/૨૦૨૫-૨૬ — આરોગ્ય અધિકારી
તારીખ:-૧૦/૦૨/૨૦૨૬ — સુરત મહાનગરપાલિકા

---

## ગ્રામ પંચાયત ધામણ
**તા.જી. નવસારી**

ગ્રામ પંચાયત ધામણ, તા. જી. નવસારી ખાતે આવેલ ગ્રામ પંચાયત મકાન જુનું ને જર્જરિત જણાય છે. સબબ ઈચ્છુક ઈજારદારો, સરકાર માન્ય ઠેકેદારો તરફથી જાહેર નિવિદા પ્રસિધ્ધ થયેથી તા.૧૩/૦૨/૨૦૨૬ સુધી માંગણી કરવાની રહેશે. (સરકરશ્રીના નિયમોનુસાર જરૂરી ડોક્યુમેન્ટ રજૂ કરવાના રહેશે.) ત્યાર બાદ ભરેલા ભાવો રજી.પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટથી તા.૧૯/૦૨/૨૦૨૬ સુધીમાં પરત કરવાના રહેશે.

સબબ કામ બાબતે વિગતવાર યાદી અને શરતો ગ્રામ પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર કચેરી સમય દરમ્યાન જોવા મળશે. આવેલા ભાવો મંજુર કે નામંજુર કરવાના હક્ક ગ્રામ પંચાયત ધામણ, તા. નવસારીની આખરી ગણાશે અને તે અંગેની કોઈ ખુલાશા કરવાના રહેશે નહીં.

સહી (આર.એચ.ચૌહાણ) તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત ધામણ
સહી (ટીનુબેન છીબાભાઈ રાઠોડ) સરપંચ ગ્રામ પંચાયત ધામણ
માહિતી/નવસારી/૬૮૭/૨૦૨૬

---

**punjab national bank** ...the name you can BANK upon!
પંજાબ નેશનલ બેંક ...भरोसे का प्रतीक !

**વાપી જીઆઈડીસી શાખા :** દુકાન નં.૨૪, ગીરનાર ખુશ્બુ પ્લાઝા, વાપી જીઆઈડીસી, વાપી–૩૯૬૧૯૫ ફોન : ૦૨૬૦–૨૪૨૪૯૨૫ email: bo182120@pnb.bank.in

**પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક**, ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૩.૦૮.૨૦૨૪**ના રોજ આ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવી **દેવાદાર/ગીરવેદાર/જામીનદાર શ્રી પવનકુમાર ડી મિશ્રા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૨,૫૧,૩૯૧.૮૬ (અંકે રૂા. બે લાખ એકાવન હજાર ત્રણસો એકાણુ અને છયાંસી પૈસા પુરા) તા.૦૩.૦૮.૨૦૨૪** ના રોજના કરાર આધારિત વધારાના વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સાથે આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો/જામીનદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૮મી ફેબ્રુઆરી સન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/જામીનદારો/ગીરવેદાર, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૨,૫૧,૩૯૧.૮૬ (અંકે રૂા. બે લાખ એકાવન હજાર ત્રણસો એકાણુ અને છયાંસી પૈસા પુરા) તા.૦૩.૦૮.૨૦૨૪** ના રોજ ના કરાર આધારિત વધારાના વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વિગેરે સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત જલારામ એપાર્ટમેન્ટ ના ૧લા માળનો રહેણાંકનો ફલેટ નં.૧૦૨, સર્વે ૧૭૯/૧/પી૧/પી૪ ગામ. છીરી, વાપી ખાતે (મિલકત પવનકુમાર ડી મિશ્રાના નામે આવેલ છે.)

તારીખ : ૦૮.૦૨.૨૦૨૬ । સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

---

**બૅંક ઑફ બડૌદા** Bank of Baroda
**બમરોલી રોડ શાખા :** જી–૨ કાશીનગર સોસાયટી બમરોલી મેઈન રોડ, સુરત ૩૯૪૨૧૦ E-mail -Bamsur@bankofbaroda.com

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)** સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૩.૦૬.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો **શ્રી પ્રવિણકુમાર શ્રી ભગવાન મીશ્રા (દેવાદાર) શ્રી શ્રીભગવાન શ્રીરાજારામ મીશ્રા (સહ દેવાદાર) અને શ્રી પ્રકાશ જગન્નાથ ગુપ્તા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧,૭૪,૪૧૯.૦૮ (રૂપિયા એક લાખ ચુમ્મોતેર હજાર ચારસો ઓગણીસ અને આઠ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) એકટ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૦૮ મી ફેબ્રુઆરી ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબ્જો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧,૭૪,૪૧૯.૦૮/– વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** ની સંપૂર્ણ ચુકવણી ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ હક, હિત અને સબંધ ધરાવતી મિલકત જે ' ઈડબલ્યુએસ – ૫–સુમન શકિત' બિલ્ડીંગ નં.બી ના ફલેટ નં. ઈડબલ્યુએસ–૫/બી–૪૦૮, માપ આશરે બિલ્ટઅપ એરીયા ૩૨.૦૦ ચો.મીટર એટલે કારપેટ એરીયા બરાબર ૨૬.૦૦ ચો.મીટર પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત જમીનના, ટી.પી.સ્કીમ નં. ૪૮ (બેસ્તાન), એફ.પી નં. ૨૮૯, મોજે ગામ. ભેસ્તાન, તા. સુરત સીટી(ચોર્યાસી), ડિસ્ટ્રીકટ. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** દાદર અને ફલેટ નં.બી–૪૦૧, **પશ્ચિમ તરફ :** ઓટીએસ અને ફલેટ નં. બી–૪૦૭, **ઉત્તર તરફ :** આંતરીક રોડ, **દક્ષિણ તરફ :** કોમન પેસેજ અને ફલેટ નં. બી–૪૦૫.

તા. ૦૮.૦૨.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા બમરોલી રોડ શાખા

---

**punjab national bank** ...the name you can BANK upon!
પંજાબ નેશનલ બેંક ...भरोसे का प्रतीक !

**ચલા શાખા :** ટાઈમ સ્કવેર બિલ્ડીંગ, દમણ રોડ, ચલા,વાપી–૩૯૬૧૯૧ email: bo5990@pnb.bank.in

**પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, ચલા શાખા, વાપી, ડીસ્ટ્રીકટ વલસાડ** અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ હેઠળ **તા.૨૮.૦૭.૨૦૨૫** ના રોજ કાયદાની કલમ ૧૩(૨) સાથે વંચાણે લઈ ડીમાન્ડ નોટીસ બજાવી ને **દેવાદારો અને તેના કાનુની વારસદારો શ્રી ગણેશ શીવાજી દેસમુખ, શ્રી સુયશ શીવાજી દેસમુખ અને શ્રીમતી વૈશાલી એસ દેસમુખ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩,૮૨,૯૦૫.૬૫ (અંકે રૂા. ત્રણ લાખ બ્યાશી હજાર નવસો પાંચ અને પાસઠ પૈસા પુરા) બાકી તા.૨૭.૦૭.૨૦૨૫** ના રોજના કરાર આધારીત દર ના વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વગેરે સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો, અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ની કલમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૦૮મી ફેબ્રુઆરી સન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, અને જામીનદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક** ની બાકી રકમ **રૂા.૩,૮૨,૯૦૫.૬૫ (અંકે રૂા. ત્રણ લાખ બ્યાશી હજાર નવસો પાંચ અને પાસઠ પૈસા પુરા) બાકી તા.૨૭.૦૭.૨૦૨૫** ના રોજના કરાર આધારીત દર ના વધારાનું વ્યાજ અને કોસ્ટ, ખર્ચાઓ વગેરે સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'પ્રમુખ સહજ' નામે ઓળખાતી ના બીજા માળ નો ફલેટ નં.બી ૨૦૨ આશરે માપ ૮૧.૪૪ ચો. ફુટ એટલે કે ૭૬.૦૪ ચો. મીટર બિલ્ટઅપ એરીયા જેનુ બાંધકામ બિનખેતી જમીન સર્વે નં. ૨૧૯/૧ આશરે માપ ૮૦૯૪ ચો.મીટર, ગામ. ચલા, વાપી નગરપાલીકા, તા.વાપી , જી. વલસાડ, ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ફલેટ નં.૨૦૧, **પશ્ચિમ તરફ :** ફલેટ નં.૨૦૩, **ઉત્તર તરફ :** પેસેજ અને ફલેટ નં. ૨૦૪, **દક્ષિણ તરફ :** આંતરીક રોડ અને ગાર્ડન આવેલ છે.

તારીખ : ૦૮.૦૨.૨૦૨૬ । સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, ચલા શાખા

---

## ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના **મોજે ગામ બરબોધનના** સર્વે નં. ૨૪૩/૨, જેનો **બ્લોક નં. ૫૨૫**, જેનું કુલ ક્ષેત્રફળ હે. ૦–૫૦–૫૯ આરે ચો.મી. જેના આકાર રૂા. ૫.૬૨ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **જીવા અબ્દુલ રસીદ ઈસ્માઈલ**ના સ્વતંત્ર નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર–દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે. તેમ માની લઈ, અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી. **(તા. ૧૧/૦૨/૨૦૨૬)**

ઓફિસ : એ/૫, જય જલારામ કોમ્પલેક્ષ, પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં, મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ, જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭/૮૭૫૮૧ ૩૪૮૧૫
**ધ્રુવ આર. પટેલ** **ઋષિલ આર. પટેલ**
એડવોકેટ

---

## જી.ભરૂચ, તા.વાગરા, મોજે અરગામાનાં નવા રે.સર્વે નં.૧૬૩/૧, સીટી સર્વે નં. NA૧૬૩/૨ વાળી બિનખેતીની જમીન ઉપર આવેલ પ્લોટ નં. ૪૫ થી ૫૧ નાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જી. ભરૂચ, તા. વાગરાનાં **અરગામા ગામ**નાં જુના રે.સ.નં. ૨૪૦/અ, નવા રે.સ.નં. ૧૬૩/૧ પૈકી તથા સીટી સર્વે નં. **NA163/2** પૈકીથી નોધાયેલ બિનખેતીની જમીન ઉપર પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૪૫ થી ૪૮** કે જે દરેકનું ક્ષેત્રફળ સુમારે ૫૫.૮૭ ચો.મી. તથા **પ્લોટ નં. ૪૯ થી ૫૧** કે જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૬૭.૧૦ ચો.મી., ૬૭.૧૦ ચો.મી. તથા ૭૩.૨૦ ચો.મી. થાય છે તે પ્લોટો તથા રોડ–રસ્તા અને સી.ઓ.પી.ની જમીનમાં વણ–વહેંચાયેલ હિસ્સાની જમીન સહિતની મિલકતો તેનાં માલિક, **જગદીશસિંહ ભગવાનસિંહ મહીડા**એ પોતાની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળની તથા બોજા રહિતની, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, તેથી સદરહુ મિલકતોમાં કોઈનો કોઈપણ જાતનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ મિલકતો ઉપર કોઈપણ સંસ્થા અથવા વ્યકિતની કોઈ લોન કે બોજો ચાલતો હોય કે કોઈનો ભરણપોષણનો હકક કે ઈઝમેન્ટનો અધિકાર ચાલી આવતો હોય, તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિન-૬ માં** જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત મારો સંપર્ક કરવો, અન્યથા મુદત વિત્યે સદરહુ મિલકતોમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને જો હોય તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની મારા અસીલ મજકુર મિલકતનાં માલિક પાસેથી સદરહું મિલકતનો રજીસ્ટર્ડ પાડો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી. જેની આથી સર્વેએ નોંધ લેવી.

તા. ૧૧/૦૨/૨૦૨૬

ઓફિસ : ૨૦૪, સુંદરમ સ્કવેર, દરજી સ્ટ્રીટ, હિલ્સ નર્સરી સ્કુલની સામે, નાનપુરા, સુરત. મો. નં. : ૯૮૨૫૪ ૨૨૧૪૦
**ધર્મેશ એ. ચપટવાલા**
તે નવા માલિકના એડવોકેટ

---

## –:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::–

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે : વેલુકના રે. સર્વે નંબર : ૬૯/૨, ૭૦૧/, બ્લોક નં. ૧૮૦ જુની શરતની ખેતીની જમીન જેનું કુલ્લે ક્ષે. હે.૦૦–૭૦–૮૨ ચો.મી. છે. સદર જમીન હસમુખભાઈ મોરારભાઈ પટેલ તથા ગુણવંતભાઈ મોરારભાઈ પટેલનાએ તેઓની સંયુકત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને તમામ બોજા રહિત તથા તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ ટાઈટલથી વેચાણ આપવા નકકી કરેલ છે. માટે, સદરહું વેચાણ આપેલ જમીન બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો વાંધો, હકક, હિસ્સો, લાગ ભાગ, તર–તકરાર, હિત સબંધ કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક, સંસ્થા કે સહકારી મંડળીનું લેણું, ગણોત હકક, દરમેલ, ખાધાખોરાકી યા લીયનના હકકો, રાજય સરકારના કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણુ યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો આધારભુત પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયાથી નીચેના સરનામે રૂબરૂ આવી દિન–૭ માં લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં ક્સૂર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે કોઈ પણ વ્યકિત, બેંક, સહકારી મંડળી કે સંસ્થાનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે લેણું નથી અને મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહી તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે. એમ માની અમારા અસીલ મજકુર જમીન માલીક સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી વેચાણ આપેલ જમીનના કાયદેસરના લખાણો તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઈપણ જાતની તર– તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

–:: અમારી મારફત ::– તા.૧૧/૦૨/૨૦૨૬.
**દિપેશ ડી. પટેલ** (ખરીદનારના એડવોકેટસ) **વિશાલ આર. પટેલ**
ઠેકાણું :– ૨૦૨, ૨૦૩, શિવેન શોપર્સ, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત.(Mo. 9825292941.)
**હર્ષદ ટી. પટેલ**

---

## વેચાણ અંગેની જાહેર નોટિસ

ડિસ્ટ્રીક સુરત, સબ–ડિસ્ટ્રીક કામરેજ ના મોજે અલુરા ના સર્વે/બ્લોક નં. ૧૪૩ રી–સર્વે બાદ નવો બ્લોક નં. ૧૬૭ વાળી જૂની શરતની ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. ૦–૦૭–૩૪ ચો. મી. છે, જેનો આકાર રૂા. ૦૦.૭૭ પૈસા છે, જેનો ખાતા નં. ૩૫૦ છે, તે ખેતીની જમીન તથા તેને લગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની જમીનના મુળ ખેડૂત / માલિક / કબજેદારો (૧) હંસાબેન ભીખુભાઈ તે શાંતિલાલ માહ્યાવંશીની પત્ની, (૨) અશોકભાઈ ભીખુભાઈ પરમાર, (૩) મંજુબેન ગોપાળભાઈ તે ડાહ્યાભાઈ માહ્યાવંશીની પત્ની, (૪) તારાબેન ગોપાળભાઈ તે રમેશભાઈ પટેલની પત્ની, (૫) રાધાબેન પ્રવીણભાઈ તે મનોજભાઈ પરમારની પત્ની, (૬) રેનિશકુમાર હિતેશભાઈ સુરતી, તથા (૭) કુણાલભાઈ હિતેશભાઈ રાઠોડ નાઓની સયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખી ક્લીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજાઓથી મુક્ત અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, જેથી સદરહુ જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેન્ક વિગેરે હરકોઈના લાગભાગ, હક્ક–હિસ્સા, દર–દાવા, જપ્તી, અવલ–જપ્તી, લેણું–બોજો, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખિત પુરાવા સહિત દિન–૦૭ માં તે અંગેની સંપૂર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી. મુદત વિત્યાબાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહુ જમીનમાં હિત, સંબંધ, હક્ક, હિસ્સા કે લાગભાગ, દર–દાવા વિગેરે નથી અને હોય તો તે જતાં કર્યા છે, એમ માની લય મારા અસીલ મજકૂર માલિક સાથે વેચાણ અંગેનો વ્યવહારો પૂર્ણ કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધા, વિરોધ ચાલશે નહીં તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

અમારી મારફત - **યોગેશકુમાર એચ. પરમાર** - એડવોકેટ્સ
એડ્રેસ: ૨૦૮, બીજો માળ, ઉમા કોમ્પલેક્ષ, કામરેજ ગામ રોડ, તા. કામરેજ, જી. સુરત મો: ૯૦૯૯૨–૮૪૬૬૬

---

## ડી.સુરત, તા.માંગરોલ, મોજે ગામ : આસોદલા બ્લોક નં.૧૧૧ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ :

આથી જાહેર જનતાને જણાવ